Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# સાંપ્રત સમયમાં ગાંધીજીના રાજકીય વિચારોનું દર્શન

**હેતલ ડી રાણા.**

સરદાર પટેલ યુનિવર્સીટી વલ્લભ વિદ્યાનગર મો.નં.8200653406, hvrana99@gmail.com

***સારાંશ:***

*રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ સ્વતંત્રતાની લડતમાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહના પ્રયોગથી સફળતા મેળવી અને લોકોને પણ સત્ય અને અહિંસાના માર્ગે ચાલવાની હિમાયત કરે છે. પરંતુ સાંપ્રત સમયમાં લોકો પોતાના સ્વાર્થ માટે અને સત્તા મેળવવા માટે આ સાધનો ઉપયોગ કરે છે. ગાંધીજી સેવા ધર્મની ભાવનાથી કાર્ય કરતા. જ્યારે જ્યારે લોકો સત્તાની લાલચમાં સેવાભાવ ભૂલી ગયા છે. પરંતુ જો તેમના સિદ્ધાંતોનો યોગ્ય રીતે અમલ થાય તો દેશના લોકોને એક સમાનતાના અને ભાઈચારાના સૂત્રમાં બાંધી શકાય.*

***કીવર્ડ્સ:*** *ગાંધીજી, સત્ય, અહિંસા, સત્યાગ્રહ, ગાંધી વિચારધારા, ટ્રસ્ટીશીપ, હિન્દ સ્વરાજ.*

**પ્રસ્તાવના:**

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાનાયક એવા મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ 2 ઓક્ટોબર 1869ના રોજ પોરબંદર (ગુજરાત)માં થયો હતો. ગાંધીજીના પિતા કરમચંદ ગાંધી પોરબંદર સ્ટેટના દિવાન હતા. તેમનો જન્મ હિન્દુ વૈષ્ણવ પરિવારમાં થયો હોવાને કારણે તેઓ ચુસ્ત શાકાહારી અને સાદુ જીવન જીવતા હતા. તેમના લગ્ન 13 વર્ષની વયે કસ્તુરબા સાથે થયા હતા. તેમને સંતાનમાં ચાર દીકરા હતા.

ગાંધીજીએ અભ્યાસમાં મેટ્રિક ઈ.સ.1987માં રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં પાસ કરી. અને ત્યારબાદ વકીલાત કરવા ઇંગ્લેન્ડ ગયા. અને ઈ.સ.1891માં ભારત પાછા ફરી વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો.

'ભારતીય સ્વતંત્રતાના મુક્તિદાતા ગાંધીજીએ આધુનિક વિશ્વને રાજકીય, સામાજિક અને આર્થિક પરિવર્તન માટે વ્યક્તિગત અને સામુહિક રીતે અમલ કરી શકાય એવું 'સત્યાગ્રહ' એવું અમોઘ બ્રહ્માસ્ત્ર (સાધન) વિશ્વને ભેટ આપ્યું. સત્યાગ્રહ એ લોકશાહી સિદ્ધાંતનું અંતિમ રહસ્ય અને તેનું પરમ સાધન કે શસ્ત્ર છે. સત્યાગ્રહ એવું રસાયણ હતું કે જેમાં સત્ય અને આગ્રહના મિશ્રણ દ્વારા ધર્મ અને ક્રાંતિનો સમન્વય થયો. અને આવા અદભુત સમન્વયને લીધે. તે જીવનમાં તમામ ક્ષેત્રોમાં સમૂળગુ પરિવર્તન લાવે તેવું ચાલકબળ બની રહ્યું. તમોગુણમાં પડેલી પ્રજાને તેમણે આંદોલનના રજોગુણ જગાડી અને સત્યના સત્વગુણે તેને શોભાવી.'૧

**ગાંધી વિચારધારા:**

ગાંધીજી વિચારપુરૂષ હતા. તેમની વિચારધારા અને જીવન સિદ્ધાંતોની અસર ભારતીય હોવા છતાં ભારતપૂર્તિ જ નહીં પરંતુ આખા વિશ્વ પર જોવા મળે છે. મહાત્મા ગાંધીજીની ગણના બુદ્ધ, મહાવીર, સ્વામી વિવેકાનંદ જેવા મહાન પુરુષો સાથે

કરવામાં આવે છે. મહાત્મા ગાંધી સત્ય અને અહિંસાના પૂજારી હતા. તેમણે જીવનના દરેક પડાવ ઉપર સત્યને અપનાવવાની વાત કરી છે. તેઓ આધ્યાત્મિકતા અને નૈતિકતામાં માનનારા હતા. તેમણે પોતાના જીવનમાં દરેક ક્ષેત્રે સત્ય અને અહિંસા નામના બે સાધનોથી આધ્યાત્મિક, સામાજિક, રાજકીય દરેક ક્ષેત્ર સફળતા મેળવી. તેમણે કોઈપણ વસ્તુને લડીને નહીં પરંતુ સત્યને અપનાવી, અહિંસાની સાથે રહી, સત્યાગ્રહરૂપી હથિયારનો ઉપયોગ કરી સાધ્ય સુધી પહોંચવાની હિમાયત કરે છે. તેમણે સમાજમાં સમાનતાના મૂલ્યોને જાળવી રાખવા માનવ ધર્મને મહત્વ આપ્યું.

ગાંધીજી ભારત દેશને અંગ્રેજોની ગુલામીમાંથી દેશને આઝાદ કરાવવા સતત પ્રયત્નશીલ રહ્યા. તેમણે સત્ય, અહિંસા અને સત્યાગ્રહ રૂપી સાધનથી સફળતા પણ મેળવી. તેમણે સમાજમાં સર્વોદય, હિન્દ સ્વરાજ, સત્યના પ્રયોગ જેવી વિચારધારા લોકોના મનમાં જાગૃત કરી. તેમણે આ માટે પુસ્તકો પણ લખ્યા. પરંતુ સમાજની દૂષણતાને દૂર કરવા લાંબુ જીવી શક્યા નહીં. તેમણે દેશને આઝાદ કરાવી લોકોને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ તો અપાવી, પરંતુ લોકોને પોતાના જ સ્વાર્થના દૂષણમાંથી આઝાદ કરાવી શક્યા નહીં. મનુષ્ય અંતે સ્વાર્થી બનતો ગયો. ક્યાંક મનુષ્ય પોતાના સ્વાર્થમાં જીવતો હતો.

ગાંધીજી અંગ્રેજોની વિરુદ્ધ નહોતા. પરંતુ અંગ્રેજોની નીતિઓ અને લોકોનું તેમના દ્વારા થતા શોષણ વિરોધી હતા. દેશના કેટલાક ક્રાંતિકારીઓ દેશનું સંચાલન ભારતીયોના હાથમાં પાછું આવે એવા પ્રયત્નો કરતા હતા. તેમણે પોતાના જીવનમાં બનાવેલા સિદ્ધાંતો જેને તેમણે સત્યના પ્રયોગો કહયા. જેમાં સત્ય, અહિંસા, સત્યાગ્રહ, ટ્રસ્ટીશીપ, હિન્દ સ્વરાજ, સત્યના પ્રયોગો વગેરે સિદ્ધાંતોનો પ્રયોગ દેશ કલ્યાણ અને પ્રજાહિત માટે કર્યો. તેમણે અંગ્રેજોના ખોટા કાયદા, નીતિની વિરોધ તથા પ્રજા પર થતા અત્યાચારોની વિરુદ્ધ અનેક ચળવળો કરી. જેમાં તેમણે પોતાના સિદ્ધાંતોનો પ્રયોગ કર્યો. અને લોકો દ્વારા તેમની આ વિચારધારાને ગાંધીવાદ તરીકે ઓળખવામાં આવે છે.

ગાંધીજી ભારત પાછા આવ્યા બાદ ઈ.સ.1915માં અમદાવાદના કોચરબ ગામે સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી. અને તેમને અંગ્રેજોની નીતિઓ ભારતીય સામે થતા અત્યાચારો સામે સત્યાગ્રહ કરી. અહિંસારૂપી યુદ્ધનો શંખનાદ ફૂંક્યો.

ગાંધીજીએ સૌ પ્રથમ સત્યાગ્રહ ભારતમાં ચંપારણ ખાતે કર્યો. ઇ.સ.1918 માં ગાંધીજી પ્રેરિત મિલ મજૂર અમદાવાદ ખાતે થયો હતો. જેમાં મજૂર અને મિલ માલિકોની લડતમાં ગાંધીજીએ સૌપ્રથમ ભુખ હડતાલ કરી હતી. અને આ ધર્મયુદ્ધ અંતે સફળ થયું.

ઈ.સ.1917માં ખેડા જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે પાક નિષ્ફળ જતા સરકારે મહેસુલ માફ ન કરતા ઉઘરાવવાનું ચાલુ રાખ્યું તે માટે સત્યાગ્રહ કર્યો. સરદાર વલ્લભભાઈ પટેલના હાથમાં આપી. અને આમ ગાંધીજીની પટેલ સાથે ઓળખ થઈ.

અને મિત્રો બન્યા અને ખેડૂતોને મહેસુલ માફ કરાવ્યું.

ઈ.સ. 1919 ફેબ્રુઆરીમાં સત્યાગ્રહ સભાની શરૂઆત થઈ. ઈ.સ.1920માં ગાંધીજીની હોમ રૂલ લીગના પ્રમુખ તરીકે વરણી થઈ. અને અંગ્રેજોની શિક્ષણ નિતીનો બહિષ્કાર કરવા વિદ્યાપીઠ ની સ્થાપના કરી.

12 માર્ચ 1930 થી 6 એપ્રિલ 1930 સુધી મીઠાના કર વિરુદ્ધ દાંડી યાત્રા કરી. અને અહિંસક આંદોલન કર્યું. જેમાં ગાંધીજીએ સવિનય કાનૂનનો ભંગ કર્યો અને સફળતા પ્રાપ્ત કરી.

ઈ.સ.1932માં પણ ગાંધીજી અને ડોક્ટર બાબા સાહેબ આંબેડકર વચ્ચે પુના કરાર થયેલ જેના માટે ગાંધીજીએ અમરણાંત ઉપવાસ કરેલા.

1942માં તેમના દ્વારા છેલ્લી ચળવળ ' હિન્દ છોડો' ચળવળ થઈ. જેમાં ગાંધીજીને પુના જેલમાં પૂરી દેવામાં આવ્યા હતા.

આમ ગાંધીજીના વિચારો, સિદ્ધાંતો અને તેમના અહીંસાત્મક હથિયારોથી દેશ આઝાદ થયો. પરંતુ મનુષ્ય પોતાના દુષણથી ગુલામ રહ્યો. લોકો ગાંધીજીના વિચારોથી ચાલે છે. સત્તાને પામવા માટે તેમના સત્ય, અહિંસા અને સત્યાગ્રહને લઈ સાંપ્રત સમયમાં તેમના વિચારોનો ઉપયોગ સત્તાને પામવા માટે કરવામાં આવે છે.

**સત્ય** :

ગાંધીજી સત્યના આગ્રહી હતા. તેઓ સત્યને ઈશ્વર માનતા. અને સત્ય એમના માટે સર્વોપરિ સિદ્ધાંત છે. દરેક કાર્યમાં સત્યની સાથે રહેતા. સત્ય એ જ પરમેશ્વર. પરમેશ્વર ખટા નથી તેમ સત્ય પણ ક્યારેય ખોટું ન હોવું જોઈએ ગાંધીજી કહે છે કે સત્યથી લડવામાં આવેલી લડતમાં અવશ્ય સફળતા મળે છે.

પરંતુ વર્તમાન સમયમાં જોઈએ તો લોકો પોતાના સ્વાર્થ માટે અસત્યનો સહારો લેતા ગયા છે. જેના કારણે દુનિયામાં અસત્યનું દુષણ ફેલાયું છે. અને અસત્ય બોલીને લોકો સ્વાર્થને સાધે છે. જેનાથી ક્યારેક પાછળથી સત્યની જાણ થતા નકારાત્મકત પરિણામ મળે છે. એકબીજાના વિશ્વાસ તૂટે છે. અને સંબંધો પછી વ્યક્તિગત હોય કે વ્યવસાય તેમાં વિશ્વાસ જળવાતો નથી. અને લોકો ઉદારતા છોડી દે છે રાજકીય ક્ષેત્ર જોવામાં આવે તો વોટ લેતી વખતે બોલવામાં આવતું સત્ય અંતે અસત્ય ઠરે છે.

**અહિંસા**:

ગાંધીજી અહિંસાનાં ઉપાસક હતા. ગાંધીજીના મત અનુસાર વિચારવાણી કે બળથી કોઈને નુકશાન ન પહોંચે એ જ અહિંસા. ગાંધીજીના કહેતા કે સત્ય અને અહિંસાથી કોઈપણ વ્યક્તિમાં હૃદય પરિવર્તન લાવી શકીએ છીએ. ક્રૂર વ્યક્તિ પણ અહિંસા સામે અને સત્ય સામે પોતાના હથિયાર મૂકી દેતો હોય છે. 'અહિંસાનો મતલબ હિંસા વિનાનુ'. અહિંસાની લડતમાં હિંસા ન કરતા વિચારો અને કાર્યોથી અડગ રહેવું. ગાંધીજી એ પણ કહે છે કે સત્ય અને અહિંસાની લડતમાં તમને તકલીફ પડશે પરંતુ અંતે વિજય થશો.

વર્તમાનમાં લોકો અહિંસાની જગ્યાએ હિંસા કરીને ધાક ધમકાવીને કાર્ય કરાવવામાં માને છે. હિંસાનો ઉપયોગ કરી

પોતે પોતાનું વર્ચસ્વ વધારવા માંગે છે. જ્યાં જુઓ ત્યાં અત્યારે હિંસા વધી ગઈ છે. આડોસ, પાડોશ, કુટુંબ, સમાજ, રાજ્ય વચ્ચે વાતચીત સમાધાન છોડી હિંસાથી બીજાને જીતવા પ્રયાસ કરે છે. અને 'વસુદેવ કુટુંબકમ' ની ભાવના ઓસરતી જાય છે. હિંસાને કારણે શાંતિ જોખમાય છે. વૈશ્વિક સ્તરે પણ શસ્ત્રોની દોડ જોવા મળે છે.

**સત્યાગ્રહ:**

સત્યાગ્રહ એટલે સત્યનો આગ્રહ રાખનાર. સત્યની લડાઈ માટે સત્યને વળગી રહી શુદ્ધ મનથી એટલે કે આત્મબળથી હિંસા કર્યા વિના અન્યાય સામે લડવામાં આવતુ યુદ્ધ. ગાંધીજીના મતે સત્ય સામેની કોઈપણ લડતમાં સત્યાગ્રહ નામના હથિયારનો ઉપયોગ કરવામાં આવે તેમાં જરૂરથી સફળતા મળે છે. સત્યાગ્રહ કરવા માટે ગાંધીજીએ કેટલીક પદ્ધતિઓ અપનાવેલી જેમાં ઉપવાસ, સવિનય કાનૂન ભંગ, સામાજિક બહિષ્કાર, અસહકાર, હિજરત વગેરે છે.

ગાંધીજી સત્યાગ્રહને સમજાવતા કહે છે કે, "સત્યાગ્રહ એટલે સત્યાદી ધર્મ નું જાતે પાલન કરવાનો આગ્રહ અને અધર્મનું સત્યાદી સાધનો દ્વારા વિરોધ."

સાંપ્રત સમયમાં સત્યાગ્રહ સાધનનો ઉપયોગ નહીં પરંતુ ઉપભોગ થતો જોવા મળ્યો છે. આ માટે લોકો ખોટું બોલી હિંસા કરી, રાજકીય ક્ષેત્રે સત્તા મેળવવાની લાલસામાં ગાંધીજીના આ સિધ્ધાંતોનો દુરૂપયોગ કરે છે. વર્તમાન સમયમાં રાજનીતિનું સ્તર એટલી હદે નીચું ગયું છે, કે લોકો એને ગંદુ રાજકારણ ગણવા મળ્યા છે. લોકોની વિચારધારા ક્યાંક આવી પણ જોવા મળે છે.

"ભ્રષ્ટ હોઈ રાજનીતિ , ચોપટ હુવા સમાજ,
યહા હર વાનર કો ચાહિયે, કીષ્કીન્ધા કા
રાજ."(2)

મતલબ કોઈપણ વ્યક્તિ અસત્ય બોલી હિંસા દ્વારા સત્તા મેળવવાની લાલચમાં કઈપણ કરવા માટે તૈયાર થઈ જાય છે.

ગાંધીજીએ વ્યક્તિગત શૈક્ષણિક સામાજિક આધ્યાત્મિક પર્યાવરણીય આરોગ્ય સંબંધી આર્થિકક્ષેત્રે, રાજનીતિકક્ષેત્રે, હક મેળવવા માટે વિચારોરૂપી હથિયાર આપ્યું. સાથે સમાજમાં કેટલાક સિદ્ધાંતો આપ્યા. જેમાં સર્વોદય, ટ્રષ્ટીશીપ, હિન્દ સ્વરાજ, અને તેમના સિધ્ધાંતોમાં દરેક પ્રશ્નનો નિરાકરણ કરેલ છે. પરંતુ સાંપ્રત સમયમાં લોકોમાં સદાચારના ગુણોનો અભાવ જોવા મળે છે. દુરાચાર, લાગવત, લાંચ, ભ્રષ્ટાચાર જેવા દૂષણો પ્રત્યે આકર્ષાઈ શોર્ટકટ રસ્તો અપનાવે છે. આનાથી હક અને શાસન મળી જશે. પરંતુ વ્યક્તિ હંમેશા વ્યક્તિનો ગુલામ રહેશે. જો વ્યક્તિ સ્વતંત્ર નહીં હોય, તેમની વિચારધારા સ્વતંત્ર નહીં હોય તો સમાજ કે દેશ કઈ રીતે સ્વતંત્ર હોય?

**ઉપસંહાર:**

ટૂંકમાં હું એટલું કહીશ કે ગાંધીજીએ પોતાના સિદ્ધાંતોનો સફળ પ્રયોગ કરેલો છે. અને તે લોકોને ઉપયોગ કરવા પ્રેરે છે. પરંતુ સેવા અને સદાચાર માટે લોકોએ સહાનુભૂતિ, કુટુંબની ભાવના, સદાચાર રાખશે. વ્યક્તિને પોતાનામાં આ બધા ગુણો

વિકસાવા જરૂરી છે. તો જ ગાંધીજીના મતે એક સારા અને યોગ્ય વિકાસશીલ દેશનું ચરિત્ર ઘડાશે. કેમ કે વ્યક્તિના ઘડતરમાં જ દેશનું ઘડતર છે.

પાદટીપ:

1) નારાયણ દેસાઈ, મે 1960, 'વિશ્વ માનવ વિશેષાંક' પે.નં. 73
2) 'આપણી સમસ્યાઓનું સમાધાન છે – ગાંધી વિચાર', ઓપિનિયન અરવિંદ વાઘેલા ૩,ઓક્ટોબર ૨૦૨૦.

સંદર્ભ સૂચિ:


- https://opinionmagazine.co.uk/gandhi-vichaar-aajanaa-yugamaam-prastut-chhe-ke-kaalbaahya/
- ग्राम स्वराज्य गांधी- संग्राहक हरिप्रसाद व्यास, मुद्रक ओर प्रकाशक: नवजीवन ट्रस्ट,
- प्रथम संस्करण १९६३, अहमदाबाद – १००००
- બારડોલી સત્યાગ્રહનો ઈતિહાસ – મહાદેવ હરીભાઈ દેસાઈ, પ્રકાશન: નવજીવન પ્રકાશન, 1997
- જીવન ચિતંન – કાકાસાહેબ કાલેલકર, પ્રકાશન: નવજીવન પ્રકાશન (1959)
- મહાત્મા ગાંધીજીનો સંદેશ – યુ.એસ. મોહનરાવ, પબ્લીકેશન્સ ડિવીઝન (1892)
- ગાંધીજી ની જીવન યાત્રા એમના જ શબ્દોમાં, પ્રકાશક ગોપાલ મેઘાણી, લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર, આવૃત્તિ ૧, જાન્યુઆરી ૨૦૦૯, સંકલન: મહેન્દ્ર મેઘાણી.
- 'સત્ય અહિંસા અને સત્યાગ્રહના સેવક ગાંધીજી' - ભૂમિકા વસાવા, આર્ટીકલ ઓનલાઈન જનરલ રિસર્ચ ગુરુ,
- https://www.drishtiias.com/hindi/daily-news-editorials/gandhi-and-his-thoughts